**વાવના મહેરબાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.વાવ.**

**ક્રિમીનલ કેસ નં.૭૨૮/૨૦૨૫**
**આંક–**

**ફરિયાદીઃ–** **શ્રી સરકાર**

**વિરુદ્ધ**

**આરોપીઃ–** **મહેશભાઈ રામજીભાઈ નાઈ,**
**રહે.હરીપુરા પ્લોટ વિસ્તાર,તા.વાવ,જી.વાવ–થરાદ.**

**ગુનોઃ–મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫,૧૮૧ તથા પ્રોહી–૬૬–૧–બી મુજબનો**

**–//ઠરાવ//–**

આ કામે ફરિયાદ પક્ષની હકીકત એવી કે, આ કામના આરોપીએ **તા.૧૯/૦૯/૨૦૨૫** ના રોજ કલાક – ૧૭:૦૦ વાગે પોતાના કબજા ભોગવટાના વાહન દારુ પીધેલી હાલતમાં હંકારી પકડાઈ જઈ ગુનો કરેલ જે **વાવ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૫૦૬૦૨૫૦૩૬૩/૨૦૨૫,એમ.વી.એક્ટની કલમ–૧૮૫,૧૮૧ તથા પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬–૧–બી** મુજબથી રજીસ્ટર થયેલ અને તે મતલબની ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

આ કામના આરોપી આજરોજ નામ. કોર્ટમાં હાજર થયેલ અને આરોપીની પ્લી લેતાં તેણે સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરેલ છે અને તે મતલબની ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે. જે ધ્યાને લેતાં આરોપીનો આ પ્રથમ ગુનો છે, આરોપી ગુનો કરવા ટેવાયેલો નથી, આરોપીને કાયદા પ્રત્યે માન છે અને અજાણતા મજકુર ગુનો થયેલ છે. ભવિષ્યમાં આ પ્રકારના ગુનાહિત કૃત્ય કરશે નહિ તેવી ખાતરી આપે છે. આરોપી ગરીબ વર્ગના અને કુટુંબ કબીલાવાળા માણસ છે જેથી દયાની માંગણી કરેલ છે.

આમ આરોપીની સ્વૈચ્છાપુર્વકની જણાતી હોઈ આરોપીની સ્થિતી અને કેસના સંજોગો ધ્યાને લઈ આરોપીને સદર ગુનામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–//આખરી હુકમ//–**

આ કામના આરોપીને **બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૧** અન્વયે દોષીત ઠરાવી **એમ.વી.એક્ટની કલમ–૧૮૫ ના ગુના માટે રૂ.૫૦૦/– તથા કલમ–૧૮૧ ના ગુના માટે રૂ.૫૦૦/– તથા પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬–૧–બી ના ગુના માટે રૂ.૧૦૦**/–એમ **કુલ રુ.૧૧૦૦/–**(અંકે રુપિયા અગિયાર સો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ મોટરસાઈકલ મુળ માલિકની ખરાઈ કરી પરત કરવો.
હુકમ આજરોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

**મુકામઃ– વાવ.**
**તારીખઃ–૧૪/૦૩/૨૦૨૬**

**( એલ.આઈ.વધવા )**
**કોડ નં.જી.જે.૦૧૭૦૦**
**જ્યુ.મેજી.ફ.ક., વાવ.**